<u>ફોજદારી કેસ નંબર- ૨૬૭૦/૨૦૦૪</u>

<u>આંક-૧ નીચે હુકમ</u>

હાલના કેસનું રેકર્ડ જોતા હાલનો આ કેસ સમન્સ ટ્રાયેબલ કેસ છે.આ કામના આરોપીને વારંવર સમન્સ તેમજ વોરંટ કાઢવા છતાં ફરીયાદ પક્ષ આરોપીને અદાલત સમક્ષ રજુ કરવામાં નિષ્ફળ નીવડેલ છે.ફરીયાદ પક્ષ તરફે આ બાબતે કોઇપણ જાતનો રિપોર્ટ રજુ નથી.પોલિસ ડિપાર્ટમેન્ટ ને આરોપીઓ સામેના પ્રોસેસની બજવણી કરવા માટે વધુ સમય આપવો એ યોગ્ય ઉચિત અને ન્યાયોચિત જણાઇ આવતું નથી.આરોપી સામેના ગુન્હાનો પ્રકાર તેમજ થનાર સંભવીત સજાની જોગવાઇ ધ્યાને લેતા તેમજ નામદાર સર્વોચ્ચ અદાલતના પી.આર.રાવ.**વિ.** સ્ટેટ ઓફ કર્ણાટક (જી.એલ.આર.૨૦૦૨(૨) પાના નંબર-૧૫૪૯) અને રેણુકા **વિ.** સ્ટેટ ઓફ કર્ણાટક (૨૦૦૯ કી.લો.જ.૨૨૪૫) પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંતો ધ્યાને લેતા હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવી એ યોગ્ય,ઉચિત અને ન્યાયોચિત જણાઇ આવતી નથી.ડેડવુડ કેસો અંગે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ ૨૫૮ નો ઉપયોગ કરવા અંગેના સુચન સંદર્ભે આરોપી વિરુધ્ધ ના ગુન્હા ના કામે સજા અંગેની જોગવાઇ તેમજ ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ-૨૫૮ અન્વયેની જોગવાઇ ધ્યાને લેતા નિચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

<u>-:હુકમ:-</u>

૧. આરોપી સામેનો હાલનો કેસ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ ૨૫૮ મુજબ કેસની કાર્યવાહી બંધ કરવામાં આવે છે.

૨. મુદ્દામાલ જો હોય તો તેનો અપીલ સમય બાદ નિયમ અનુસાર નિકાલ કરવો.તેમજ જો સદર ગુન્હાના કામે જો કોઈ મુદ્દામાલ વાહન કબજે કરવામાં આવેલ હોય અને તેનો વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ કરવામામ્ આવે છે અને જો હુકમ થયેલ ન હોય તો તે વાહન માલીકીપણાંની ખરાઈ કરીને તેના મુળ માલિક ને સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

3. જો આરોપી ભવિષ્યમાં મળી આવે તો તેની સામે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ-૩૦૦(૫) મુજબની આ કોર્ટ દ્વારા પરવાનગી અપાયેલ છે તેમ ગણી જે તે તબક્કે કેસ આગળ ચલાવવો.

હુકમ આજ રોજ તારીખ-૦૯-૦૯-૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ : ૦૯-૦૯-૨૦૨૩**
**સ્થળ : સુરત**

**(કુ.જીનલ વસંતભાઈ શાહ)**
**૧૨માં અધિક સિનિયર સિવિલ જજ**
**અને એ.સી.જે.એમ.,સુરત**
**(કોડ નં-GJ01057)**